ગાંધીનગર સમાચાર





## રંગબેરંગી પતંગોથી આનંદ અને ઉલ્લાસ સાથે ઉત્તરાયણ ઉજવાઈ

ઉત્તરાયણ પર્વની જિલ્લાના લોકોએ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી. ઉત્તરાયણના દિવસે વહેલી સવારથી જ લોકો અગાશી પર ચઢી આકાશી યુદ્ધની મજા માણી હતી. પવનદેવનો પુરા દિવસ સારો સાથ સહકાર મળતા પતંગરસિકોમાં આનંદ ઉલ્લાસ છવાઈ ગયો હતો. વહેલી સવારથી છેક મોડે સુધી એ કાપ્યો છે... લપેટ જેવા બુમરાણ દિવસ દરમ્યાન છવાઈ રહી હતી. વર્ષના પહેલા તહેવાર ઉત્તરાયણની વહેલી સવારથી જ પતંગરસિયાઓએ ધાબાઓ પર ગોઠવાઈ ગયા હતા. આખો દિવસ દરમ્યાન આકાશમાં પતંગ યુદ્ધ ચાલ્યુ હતુ. રંગબેરંગી પતંગોથી પુરા દિવસ દરમ્યાન છવાઈ ગયું હતું.

# ઉત્તરાયણ નિમિત્તે પુત્રને મળવા જઈ રહેલ પિતાનું અકસ્માતમાં મોત

**દિયોદરના વહેપારીનું જેનાબાદ પાટીયા પાસે અકસ્માતમાં મોત : મૃતદેહ વતન લવાયો : ગામ હિબકે ચડ્યુ : બે પુત્રી અને એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી**

દિયોદર, તા. ૧૫

દિયોદર શહેરમાં હોલસેલ શાકભાજીની દુકાન ધરાવતા અને ડુમકવાડાના રહેવાસી બિપીનભાઈ હિંમતલાલ ઠક્કર તેમના ત્રણ મિત્રો સાથે પોતાના પુત્ર ધવલને ઉત્તરાયણ નિમિત્તે મળવા માટે ઉત્તરાયણની આગળ રાત્રે સ્વિફ્ટ ગાડી લઈ રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે જેનાબાદ પાટીયા પાસે રાત્રીના સમયે અકસ્માત નડ્યો હતો. જેમાં બિપીનભાઈ ઠક્કરને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ અન્ય ત્રણ મિત્રોને



ઈજા થતા ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જે ઘટનાની જાણ તેમના પરિવાર તથા મિત્રો વર્તુળને થતા ઘટનાસ્થળે દોડી ગયા હતા. જેમાં ઉત્તરાયણના દિવસે તેમનો મૃતદેહ માદરેવતન ડુચકવાડી ખાતે લાવવામાં આવ્યો હતો અને વહેપારીગણ પરિજનો મિત્ર વર્તુળની ઉપસ્થિતિમાં અંતિમ ક્રિયા કરવામાં આવી હતી.

બિપીન ઠક્કરને સંતાનમાં બે દિકરી અને એક પુત્ર છે. બિપીનભાઈ દિયોદર ખાતે શાકભાજીની પેઢી ચલાવતા હતા અને સારા તેમજ શાંત સ્વભાવના હોવાથી તેમના વહેપારીગણ અને મિત્ર વર્તુળ વધુ હોવાથી દિયોદરના વહેપારી મિત્રોએ એક સાચા વહેપારી ગુમાવ્યો હતો. જેમાં તેમના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી.

# આખરે પ્રાંતિજના તાજપુર પ્રાથમિક શાળાના ત્રણ શિક્ષકોની બદલી

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ પ્રાથમિક શાળા નં. ૧માં ગામજનોદ્વારા શાળાના સ્ટાફની અંદર-અંદર વિખવાદને કારણે શાળાને તાળાબંધી કરી હતી. અને બાળકોને શાળાએ નહી મોકલી સ્ટાફ બદલવાની મૌખિક તથા લેખિતમાં ઉપરી અધિકારીઓને રજુઆત કરી હતી જેને ધ્યાનમાં લઈને તંત્રએ એક શિક્ષક અને બે શિક્ષિકાઓની બદલી કરી છે.

પ્રાંતિજના તાજપુર ગામમાં આવેલા પ્રાથમિક શાળામાં છેલ્લા સાત દિવસથી શાળાના સ્ટાફની અંદરો-અંદર વિખવાદને લઈને ગામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. અને શાળામાં તાળાબંધી બાદ બાળકોને શાળાએ નહી મોકલી બાળકોના ભવિષ્ય ઉપર માઠી અસર પડી હતી ત્યારે તાલુકા તથા જિલ્લાતંત્ર શાળાએ દોડી આવ્યુ હતુ અને ગામજનોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ ગામજનો શાળાના સાતના સ્ટાફમાંથી ચાર શિક્ષકોની બદલીને લઈ અડીખમ હતા. જ્યારે આખરે તંત્ર દ્વારા બાળકોના ભણતરની ચિંતાને લઈને તંત્રએ એક મુખ્ય શિક્ષક સુરેશભાઈ પટેલને વિજયનગર તાલુકાના પડોસડા તથા હસુમતીબેન વડાલી તાલુકાના ડોભાલા તથા શીતલબેન પટેલને ઈડર તાલુકાના ભદ્રેશ્વર ખાતે બદલી કરવામાં આવી છે અને શાળા છુટ્યા બાદ આજે ત્રણેય શિક્ષકોને છુટા કરવા શાળાના સિનીયર શિક્ષક શૈલેષભાઈ પટેલને જણાવવામાં આવ્યું છે જે તાલુકા શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલા દ્વારા જાણવા મળ્યું હતું.



બાયડ તાલુકાની વાત્રકગઢ ગામની પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવાઈ ગયો જેમાં ઉપશિક્ષક પંકજ બારોટ દ્વારા નરેન્દ્રનાથ દત્તમાંથી સ્વામી વિવેકાનંદ થયા તે યાત્રાનો પરિચય કરાવાયો હતો. અને શાળા પરિવાર થકી સુંદર કાર્યક્રમનું યોજન કરાયું હતું. જેમાં વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. શાળાના તમામ બાળકો સ્વામીજીના વિચારો સાંભળી ખુબ જ પ્રભાવિત થયેલા જોવા મળ્યા હતા.



## બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે કેશાજી ચૌહાણ રીપીટ કરાયા

આજે ગુજરાતમાં એક સાથે ૨૪ જિલ્લા પ્રમુખની વરણી કરાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા પ્રમુખ તરીકે કેશાજી ચૌહાણને ફરીથી રીપીટ કરાયા હતા. કેશાજી ચૌહાણ આ અગાઉ પણ બનાસકાંઠા જિલ્લા પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી ચુકયા છે તેમજ જિલ્લામાં તેમના નેતૃત્વ વચ્ચે સાંસદ સહીત જિલ્લાના ૩ વિધાનસભા અને બનાસડેરી તેમજ બનાસબેંક સહીત નગરપાલિકામાં પણ જવલંત વિજય મેળવ્યા હતા જેના પગલે બનાસકાંઠા જિલ્લામાં ફરીથી કેશાજી ચૌહાણને રીપીટ કરાયા છે તેમજ કેશાજીએ પણ તેમની પસંદગીને ભાજપ સંગઠન માટે મજબૂત કરવા પર ધ્યાન આપવાનું જણાવ્યું હતું જો કે જિલ્લા પ્રમુખની વરણી નિમિત્તે કેન્દ્રીય ગૃહ રાજય પ્રધાન હારીભાઈ ચૌધરી, રાજય આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી સહીતના અગ્રણીઓ ખાસ હાજર રહ્યા હતા.

# અરવલ્લી ભાજપ પ્રમુખ પદે રણવીરસિંહ ડાભીની વરણી




મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખની વરણી આજે મોડાસા ટાઉનહોલ ખાતે જિલ્લાના પ્રભારીની આગેવાનીમાં કરવામાં આવી હતી.

જિલ્લા પ્રમુખ તરીકે ડાભી રણવીરસિંહની વરણી કરવામાં આવી હતી. રણવીરસિંહની પ્રમુખ તરીકે વરણી થતા જ જિલ્લા ભાજપના કાર્યકર્તાઓએ તેમને વધાવી લીધા હતા અને તેમનું ફુલહારથી સ્વાગત કરાયું હતું.

સાથે આ પ્રસંગે નવા વરાયેલા પ્રમુખ રણવીરસિંહ એ જણાવ્યું કે હું આવનારી વિધાનસભામાં ભાજપનું સારામાં સારું પ્રદર્શન થાય અને ભાજપનો વિજય થાય તે માટે કામ કરવા લાગી જઈશ અને હંમેશા જિલ્લામાં ભાજપ આગળ વધે તે માટે હંમેશા હું તૈયાર રહીશ અને કાર્યકર્તાઓને પણ ભાજપના કામકાજ માટે લાગી જવા કહ્યું હતું અને જિલ્લા ભાજપને નવી ઉંચાઈ પર લઈ જવા કહ્યું હતું.


## અરવલ્લીમાં જમીન રી-સર્વેમાં છબરડા

અરવલ્લી જિલ્લાના દોઢ લાખથી વધુ ખેડૂતોની જમીનની ફેરમાપણી પછી અનેક ખેડૂતોના ઉતારા બ્લોક થઈ જતા ટેકનીકલી ક્ષતિઓના કારણે ખેડૂતો આર્થિક રીતે બેહાલ બની ગયા છે. જમીન રીસર્વેમાં કેટલાય કેસોમાં જમીન વધી ગઈ છે તો કેટલીક જગ્યાએ જમીન ઘટી ગઈ છે. જેથી જિલ્લાના ખેડૂતો જમીન ખરીદ કે વેચી નથી શકતા સાથે પોતાની જમીન ઉપર લોન પણ નથી મળતી જેથી ખેડૂતો બેહાલ બન્યા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની જમીનના રીસર્વે કરાયા પછી અરવલ્લી જિલ્લામાં એજન્સીએ દાટ વાળતા અનેક ખેડૂતોની જમીન ટુંકી થઈ ગઈ છે તો કેટલાય ખેડૂતો વધુ જમીનના રાતોરાત માલિક બની ગયા છે. રીસર્વે દરમ્યાન સેટેલાઈટ માપણી કરાતા કેનાલ તળાવો માર્ગો ભુલી જવાયા હતા. જેના કારણે પહાડ જેવડી મોટી ભુલો બહાર આવી છે. જ્યારે રીસર્વે પછી ખેડૂતોના ખાતા નંબર બદલાઈ ગયા છે પરંતુ તેમના ૭/૧૨, ૮અ ના ઉતારા બ્લોક થતા ખેડૂતોની બેંકમાંની ક્રોપ લોન, જમીન વેચવી હોય તો દસ્તાવેજ તેમજ અન્ય આર્થિક વ્યવહારો ઉપર બ્લોક થયેલા ઉતારાઓ માઠી અસર પહોંચાડે છે. જેથી જિલ્લાના મોટા ભાગના ખેડૂતો લાચાર બન્યા છે. અને જમીન ઉપર થતા વ્યવારો બંધ થતા અટવાયા છે. જેથી સરકારની ડીએલઆર કચેરી દ્વારા આ કામગીરી ઝડપી કરવામાં આવે અને મૂળ સ્થિતિમાં જમીન આવે તે માટે કાર્યવાહી કરવામાં આવે તેવી જિલ્લાના ખેડૂતોમાં માંગ ઉઠી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પાલ્લા (ભુવાલ) પ્રાથમિક શાળા-રમાં 'ડોટર્સ ડે'ની ઉજવણી કરાઈ

મેઘરજ તાલુકાની પાલ્લા (ભુવાલ) પ્રાથમિક શાળા-૨માં ૧૨ જાન્યુઆરીના રોજ 'ડોટર્સ ડે'ની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતી દિકરીઓને શાળા પરિવાર તરફથી શૃંગારની વસ્તુઓ આપવામાં આવી હતી અને તમામ બાળકોને પતંગ અને બોરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકો દ્વારા 'દિકરી વ્હાલનો દરિયો' વિશે વિચારો રજુ કરી સમાજમાં દિકરીનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન શાળાના આચાર્ય અને ઉપશિક્ષિકા ચંદ્રિકાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સુકાવાટડા ગામની ૨૭ વર્ષીય મંદ બુદ્ધીની યુવતી સાથે દુષ્કર્મ

અરવલ્લી જિલ્લામાં ચકચારી ઘટના સામે આવી છે. જિલ્લાના ધનસુરા તાલુકાના સુકાવાટડા ગામની ૨૭ વર્ષીય મંદ બુદ્ધીની યુવતી સાથે ગામના જ એક યુવાને બળાત્કાર કર્યાનું બહાર આવ્યું છે. જેના કારણે ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસને ઘટનાની જાણ થતા જ યુવાન સામે બળાત્કારનો ગુનો નોંધી આ યુવાનને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આજ બપોરના સુમારે આ મંદબુદ્ધિની યુવતી ખેતરમાં કામ કરી રહી હતી ત્યારે ગામના જ ગણેશભાઈ ચીમનભાઈ ઝાલા દ્વારા બળજબરીપૂર્વક પકડી પાડી તેની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો જેથી આ વાતની જાણ થતા જ ઘરના લોકો દ્વારા આ યુવતીને ધનસુરાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી અને ત્યાર બાદ પોલીસને જાણ થતા પોલીસ દ્વારા યુવતીના ગામના જ ગણેશભાઈ ચીમનભાઈ ઝાલા સામે બળાત્કારનો ગુનો નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ધાનેરામાં ઉત્તરાયણ પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી

સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉત્તરાયણ પર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહીત સમગ્ર જિલ્લાના લોકોએ ધામધૂમથી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. આજે સમગ્ર દેશમાં ઉત્તરાયણ પર્વની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેર સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પણ ઉત્તરાયણ પર્વની ઉજવણી થઈ રહી છે અને લોકો વહેલી સવારથી જ પતંગ અને દોર લઈ પોતાના ઘરની આગાસી પર ચડી ગયા છે અને પતંગ ચગાવી ઉત્તરાયણ પર્વનો આનંદ માણી રહ્યા છે. સાથે સાથે લોકો ગાયને ઘાસ તેમજ કુતરાને લાડુ બનાવી ખવડાવે છે અને પુણ્યનું કામ પણ કરી રહ્યા છે.

### ઈડરમાં વકફ મિલકતોની જાળવણી અને વિકાસ માટે સેમિનાર યોજાશે

સમસ્ત ગુજરાત મુસ્લિમ સમાજ અને સમસ્ત મુસ્લિમ સમાજ-ઈડર દ્વારા તથા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઉત્તર ગુજરાત ઝોનની વકફ સંસ્થાઓ માટે વકફ મિલકતોની જાળવણી, રક્ષણ અને સુધારણા અને તેના વિકાસ માટેનો એક સેમીનાર 'મૈખાને ઝહીર', મુકામ-સુરપુર, ખાતે તા. ૧૮ જાન્યુ, ૨૦૧૬ સોમવારના રોજ સવારે ૯.૩૦ કલાકે યોજાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### દિયોદરના ગોદા ગામે દારૂ-તમાકુ-ગુટકાને દેશવટો અપાયો

બનાસકાંઠા જિલ્લામાં ક્ષત્રિય સેના દ્વારા જિલ્લા તાલુકા તેમજ ગામડાઓમાંથી દારૂ-ગુટકા-તમાકુ જેવી બદીને નાબુદ કરવા માટે ઠેર ઠેર મિટિંગો યોજી ગામડા અને શહેરોમાં વ્યશનમુક્તિ અભિયાન ચાલી રહ્યું છે. જેમાં આજે દિયોદર તાલુકાના ગોદા ગામે મહાકાળી માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સેના અને ગામજનોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં ગોદા, તેરવાડા, આગડપુરા, મેસરા, બોડા ગામમાં દારૂ-તમાકુ-ગુટખા પર પ્રતિબંધ મુકવો અને ગામમાં કોઈને દારૂ વેચવું નહિ અને કોઈ પીને આવવુ નહિ તેમજ તમાકુ-ગુટખાનું વેચાણ પણ ન કરવું અને સેવન પણ ન કરવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે ક્ષત્રિય સેના ગામ સમિતિના પ્રમુખ સવજીભાઈ ઠાકોર, મહામંત્રી રમેશજી ઠાકોર, સક્રિય કાર્યકર પાબુજી ઠાકોર, તાલુકા મહામંત્રી ભરતજી કરશનજી ઠાકોર, સગરામજી ઠાકોર, વજાજી ઠાકોર, ભારાજી ઠાકોર, પોપટજી ઠાકોર વગેરે ગામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી દારૂને દેશવટો આપ્યો હતો.

### ૨૩મીએ સુઈગામના નડાબેટ ખાતે અશ્વ શો યોજાશે

બનાસકાંઠા જિલ્લાના સરહદી અને રણની સમીપ આવેલ સુઈગામ તાલુકાના નડાબેટ મુકામે આગામી તા. ૨૩ જાન્યુઆરીના રોજ શાનદાર અશ્વ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં બનાસતાંઠા, પાટણ અને કચ્છ જિલ્લા સહીત વિવિધ સ્થળોએથી પાણીદાર અશ્વો ભાગ લેશે. આ પ્રસંગે પોલીસ વિભાગના શક્તિશાળી અશ્વો દ્વારા વિવિધ કૌશલ્યો રજુ કરવામાં આવશે. જેમાં વ્યક્તિગત અને ટીમ સ્પર્ધામાં ટેન્ટ પેગીંગ, તથા જમ્પીંગ અને બેરલ રેસ કરાશે. જ્યારે પબ્લિકના અશ્વોની સ્પર્ધામાં રેવાલ ચાલ, પાટી દોડ અને વિવિધ કૌશલ્યો જોવા મળશે. સ્પર્ધામાં વાળીઘોડાની હરિફાઈ તથા સુંદરતાની હરિફાઈ યોજાશે. આ પ્રસંગે ઊંટ સ્પર્ધા અને પ્રદર્શન યોજવાનું પણ આયોજન કરાયું છે જેમાં શક્તિશાળી પણ ઊંટ સ્પર્ધામાં ભાગ લેશે.

આ સ્પર્ધાનું આયોજન સીમા જનકલ્યાણ સમિતિ, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા સુરક્ષાસેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. સ્પર્ધાનો પ્રારંભ તા. ૨૩ જાન્યુઆરીના રોજ સવારે ૮.૦૦ વાગે થશે. અશ્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૩ જાન્યુઆરીના રોજ સવારે ૮ વાગ્યા પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે આ નંબરો ઉપર સંપર્ક કરો. માઉન્ટેડ ડી.વી. વરસડીયા મો. ફોન નં. ૯૪૨૬૪૬૯૮૯૮, મહેશભાઈ દવે મો.નં. ૯૯૭૯૨ ૧૩૨૦૦.

### પ્રાંતિજમાં માર્ગ સલામતી સપ્તાહ

પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે ૨૭મો માર્ગ સલામતી સપ્તાહ દિવસની ઉજવણીની કરવામાં આવી હતી. જેમાં સવારથી જ પોલીસ અધિકારીઓ સહિત પોલીસ કાફલો ટોલનાકા પાસે પસાર થતા વાહનચાલકોને હાથમાં ગુલાબ આપી ટ્રાફિકના નિયમો અંગેની જાણકારી આપી અને વાહનચાલકોને નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું. જ્યારે આ પ્રસંગે પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ, જિલ્લા ટ્રાફિક તથા આરટીઓના અધિકારીઓ દ્વારા પસાર થઈ રહેલ વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની સમજ આપી સલામતી સપ્તાહ દિવસ ઉજવ્યો હતો.